બર્મિંગહામ ડોગ શોમાં ક્લમ્બર સ્પેનિયલ પ્રજાતિનો શ્વાન 'બેસ્ટ ઈન શો'

ત્રણ દાયકા કરતા વધુ સમય પછી આ નસલના કૂતરાને આ ખિતાબ મળ્યો

બર્મિંગહામ(યુકે), તા. ૯: અહીં દિવસોથી ચાલતા ક્રફ્ટ્સ ડોગ શોમાં આ વર્ષે ક્લમ્બર સ્પેનિયલ પ્રજાતિના શ્વાને 'બેસ્ટ ઈન શો'નો ખિતાબ જીત્યો છે.

બર્મિંગહામમાં રવિવારે યોજાયેલા આ શોમાં, ચાર વર્ષના બ્રુઈન નામના કૂતરાએ વિશ્વભરના હજારો શ્વાનને હરાવીને ટોચનું સન્માન મેળવ્યું હતું. લી કોક્સ નામના શખ્સની માલિકીનો બ્રુઈન, અગાઉ આ શોમાં 'ગનડોગ' ગ્રુપમાં વિજેતા બન્યો હતો. વર્ષ 1991 પછી આ પ્રથમ વખત છે જ્યારે કોઈ ક્લમ્બર સ્પેનિયલ નસલના કૂતરાએ 'બેસ્ટ ઈન શો'નો ખિતાબ જીત્યો હોય. સ્પર્ધાના નિર્ણાયક તામસ જેક્કેલે અન્ય છ ગ્રુપના વિજેતાઓને પાછળ છોડીને બ્રુઈનને આ ટ્રોફી માટે પસંદ કર્યો હતો. આ જીત પર ખુશી વ્યક્ત કરતા શ્રી કોક્સએ કહ્યું: આ અદ્ભુત છે, હું શું કહી શકું? મને વિશ્વાસ નથી થઈ રહ્યો. તમારો ખૂબ ખૂબ આભાર. આ પ્રજાતિ માટે આ ગર્વની વાત છે... જીવનમાં પહેલીવાર હું નિઃશબ્દ છું. તેમણે વધુમાં ઉમેર્યું: તે ખરેખર ખાસ શ્વાન છે. હું તેને ખૂબ જ ચાહું છું અને તે પણ મને એટલો જ પ્રેમ કરે છે.

માદા ચિત્તા 'જ્વાલા' બની પાંચ બચ્ચાંની માતા, સંખ્યા પહોંચી 53 પર

થોડા દિવસ પહેલા ગામિનીએ 4 બચ્ચાં આપ્યા હતા

ભોપાલ: તા. 9 : મધ્ય પ્રદેશના કુનો નેશનલ પાર્ક (કેએનપી)માં નામિબિયન માદા ચિત્તા 'જ્વાલા'એ પાંચ બચ્ચાંઓને જન્મ આપતાં સોમવારે ભારતની ચિત્તાઓની સંખ્યા 50નો આંકડો વટાવી ગઈ છે. આ સાથે દેશમાં ચિત્તાઓની કુલ સંખ્યા વધીને 53 થઈ ગઈ છે.

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે આ જાહેરાત કરી હતી. યાદવે નોંધ્યું હતું કે, થોડા દિવસો પહેલાં જ 'ગામિની' નામની અન્ય એક માદા ચિત્તાએ આ જ રિઝર્વમાં ચાર બચ્ચાંઓને જન્મ આપ્યો હતો. જ્વાલાનાં પાંચ બચ્ચાંઓનો જન્મ એ 'પ્રોજેક્ટ ચિત્તા' માટે મોટી જીત અને દેશના ચિત્તા પુનઃસ્થાપન પ્રયાસોની સફળતા દર્શાવે છે.

યાદવે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''આ જન્મ સાથે ભારતમાં જન્મેલાં અને ઉછરેલાં બચ્ચાંઓની સંખ્યા વધીને 33 થઈ ગઈ છે, જે ભારતીય ધરતી પર 10મી સફળ ચિત્તા લિટર (બચ્ચાંઓનો જન્મ) છે – જે ભારતની ચિત્તા સંરક્ષણ યાત્રામાં વધુ એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.'' મંત્રીએ ઉમેર્યું કે, આ સિદ્ધિ પશુચિકિત્સકો, ફિલ્ડ સ્ટાફ અને અથાક મહેનત કરી રહેલા તમામ લોકોના સમર્પિત પ્રયાસો, કૌશલ્ય અને પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે આ સિદ્ધિને વન્યજીવ સંરક્ષણ માટે 'ગૌરવની ક્ષણ' ગણાવી હતી. સીએમએ એક્સ પર લખ્યું હતું કે, ''કુનો નેશનલ પાર્કમાંથી ફરી સારા સમાચાર... ચિત્તા જ્વાલાએ 5 બચ્ચાંઓને જન્મ આપ્યો છે, જે પ્રોજેક્ટ ચિત્તા માટે વધુ એક મોટી સિદ્ધિ છે.''

ખામેનેઈના મૃત્યુ બાદ પુત્ર મોજતબાના હાથમાં ઈરાનની કમાન

નિષ્ણાતોની સમિતિએ મોજતબા ખામેનીની પસંદગી નવા સુપ્રીમ લીડર તરીકે કરી

આ નિર્ણયની ઈરાનની મક્કમતા તરીકે જોવામાં આવતા યુદ્ધ લંબાવાનો સંકેત, વૈશ્વિક બજારોમાં ગભરાટ

દુબઈ, 9 માર્ચ (AP): ઈરાને સોમવારે તેના દિવંગત સુપ્રીમ લીડર અલી ખામેનીના અનુગામી તરીકે તેમના હાર્ડલાઈનર પુત્ર આયતુલ્લા મોજતબા ખામેનેઈને સર્વોચ્ચ નેતા તરીકે નિયુક્ત કર્યા છે, જે અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા શરૂ કરાયેલા યુદ્ધમાં કોઈ નમ્રતા ન દાખવવાના સંકેત આપે છે. એક અઠવાડિયાથી વધુ સમયથી ઈરાનનું ધર્મશાહી શાસન હુમલા હેઠળ છે, ત્યારે દેશની 'એસેમ્બલી ઓફ એક્સપર્ટ્સ' દ્વારા પેરામિલિટરી રિવોલ્યુશનરી ગાર્ડ સાથે ગાઢ સંબંધ ધરાવતા 56 વર્ષીય ગુપ્તતાવાદી ધર્મગુરુની નવા સર્વોચ્ચ નેતા તરીકે પસંદગી કરવામાં આવી છે. યુદ્ધની શરૂઆતમાં જ 37 વર્ષ સુધી ઈરાન પર શાસન કરનાર આયતુલ્લા અલી ખામેનેઈ માર્યા ગયા ત્યારથી રિવોલ્યુશનરી ગાર્ડ ઈઝરાયેલ અને ખાડીના આરબ દેશો પર મિસાઈલ અને ડ્રોન ફેંકી રહ્યું છે. આ નિમણૂક એક અઠવાડિયાથી વધુ સમયના ભારે અમેરિકી અને ઈઝરાયેલી બોમ્બમારા પછી ઈરાનના ઘેરાયેલા નેતૃત્વ દ્વારા મક્કમતાનો નવો સંકેત આપે છે, જે સૂચવે છે કે તેહરાન આ લડાઈને દેશના અસ્તિત્વ માટેની લડાઈ માને છે અને તે જલ્દી હાર માનશે નહીં.

મોજતબાને તેમના પિતા કરતા વધુ કટ્ટરપંથી માનવામાં આવે છે

યુદ્ધ શરૂ થયું ત્યારથી જેઓ જાહેરમાં દેખાયા નથી તેવા જુનિયર ખામેનેઈને તેમના 86 વર્ષીય પિતા ઇઝરાયેલી હુમલામાં માર્યા ગયા તે પહેલાંથી જ સંભવિત ઉત્તરાધિકારી માનવામાં આવતા હતા. તેમના પત્ની, ઝહરા હદાદ આદેલ પણ તે જ હુમલામાં માર્યા ગયા હતા. ઈરાનની અંદરના રાજકીય અગ્રણીઓએ વંશપરંપરાગત રીતે સર્વોચ્ચ નેતાનું પદ સોંપવાની ટીકા કરી છે, અને તેની તુલના 1979ની ઇસ્લામિક ક્રાંતિમાં ઉથલાવી દેવામાં આવેલી રાજાશાહી સાથે કરી છે. પરંતુ 'એસેમ્બલી ઓફ એક્સપર્ટ્સ'ના ટોચના મૌલવીઓએ દેખીતી રીતે સાતત્ય જાળવી રાખવા માટે મતદાન કર્યું હતું. ખામેનેઈ, જેઓ તેમના સ્વર્ગસ્થ પિતા કરતા પણ વધુ કટ્ટરપંથી માનવામાં આવે છે, તેઓ હવે ઈરાનના સશસ્ત્ર દળો અને તેહરાનના પરમાણુ કાર્યક્રમ અંગેના કોઈપણ નિર્ણયના પ્રભારી રહેશે.

મિત્રોને તેલની અછત થવા દઈશું નહીં: પુતિનનો સ્પષ્ટ સંદેશ

મોસ્કો, તા. 9: ઈરાન યુદ્ધના કારણે સર્જાયેલી વૈશ્વિક ઉર્જા કટોકટી વચ્ચે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને મોટું નિવેદન આપ્યું છે. પુતિને સોમવારે સ્પષ્ટ કર્યું કે રશિયા તેના 'ભરોસાપાત્ર ભાગીદાર' દેશોને તેલ અને ગેસનો પુરવઠો ચાલુ રાખશે. તેમનો આ ઈશારો સીધો ભારત અને ચીન જેવા મિત્ર દેશો તરફ છે. બ્રેન્ટ ક્રૂડના ભાવ 120 ડોલરને પાર કરી ગયા છે ત્યારે આ ખાતરી ભારત માટે રાહત સમાન છે. પુતિને સ્વીકાર્યું કે યુદ્ધના કારણે લોજિસ્ટિક્સ અને તેલ સપ્લાયના રસ્તાઓ બદલવા પડશે, જેમાં સમય અને નાણું ખર્ચાશે, પરંતુ રશિયા હવે વધુ સ્થિર એશિયાઈ બજારો પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે યુરોપને પણ શરતી ઓફર આપી છે કે જો તેઓ રાજકીય દબાણ વગર સ્થિરતાની ગેરંટી આપે, તો રશિયા સહયોગ માટે તૈયાર છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે હંગેરીએ પણ મોંઘવારી રોકવા રશિયન તેલ પરના પ્રતિબંધો હટાવવાની અપીલ કરી છે.

ઈરાનના ટોચના નેતૃત્વમાં મતભેદોના સંકેતો

દુબઇ, તા. ૯: અખાતી યુદ્ધ લંબાતુ જાય છે ત્યારે ઈરાનનું નેતૃત્વ યુદ્ધને કારણે વધુને વધુ વિભાજિત થતું જણાય છે, જે યુદ્ધને તેહરાનના ઘણા લોકોએ અસ્તિત્વ ટકાવી રાખવાની લડાઈ ગણાવી છે. સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈના અવસાનને કારણે ઈરાનના નેતૃત્વમાં રહેલી તિરાડો ખુલ્લી પડી ગઈ છે, કારણ કે નરમપંથીઓ અને કટ્ટરપંથીઓ યુદ્ધની દિશા બાબતે સામસામે આવી ગયા છે. ત્રણેક બાબતો આ મતભેદના સંકેત આપે છે. એક તો ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયને પડોશી દેશોને નિશાન બનાવવા બદલ માફી માંગી તેનાથી કટ્ટરપંથીઓમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો.

પત્નીને ઉંચકીને દોડવાની અનોખી સ્પર્ધા..!

બ્રિટનના ડોર્કિંગમાં યોજાયેલી યુકેની વાર્ષિક 'વાઈફ કેરિંગ રેસ' (પત્નીને ઊંચકીને દોડવાની સ્પર્ધા)માં આશરે 70 લોકોએ ભાગ લીધો હતો. હવે તેના 17મા વર્ષમાં પ્રવેશેલી આ સ્પર્ધામાં રવિવારની રેસમાં વિજેતા બનનાર ટોચની બ્રિટિશ જોડીએ જુલાઈમાં ફિનલેન્ડમાં યોજાનારી 'વાઈફ કેરિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપ'માં દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે ક્વોલિફાય કર્યું છે.

કથિત રીતે સદીઓ જૂની આ 380-મીટર (0.23 માઈલ) લાંબી રેસમાં સ્પર્ધકોએ તેમના પાર્ટનરને પીઠ પર, આગળના ભાગે અથવા ખભા પર ઊંચકીને ટેકરીઓ, ઘાસના બંડલ અને ડોલ ભરેલા પાણી તથા વોટર પિસ્તોલવાળા 'સ્પ્લેશ ઝોન' વાળા કોર્સને પૂર્ણ કરવાનો હોય છે. ભાગ લેવા માટે પાર્ટનરનું પરિણીત હોવું જરૂરી નથી - મિત્રો અથવા ભાઈ-બહેનોને ઊંચકવાની પણ છૂટ છે, પરંતુ તેઓ 18 વર્ષથી વધુ ઉંમરના હોવા જોઈએ. તેમનું વજન પણ ઓછામાં ઓછું 50 કિગ્રા હોવું જોઈએ અને જો તેઓ વજનમાં હળવા હોય, તો જરૂરી વજન લાવવા માટે લોટના ડબ્બા, પાણી અથવા તેના જેવી વસ્તુઓ ભરેલો થેલો પહેરવો પડે છે. જો કે કેટલાક નિષ્ણાતો આમાં સ્પર્ધકોને કરોડરજ્જુની ઈજા જેવી ગંભીર ઈજાઓના જોખમ તરફ પણ ધ્યાન દોરે છે.

પેજ 3

કમલ હાસને માત્ર 20 દિવસના શૂટિંગ માટે રૂ. 150 કરોડ ફી લીધી!

ચેન્નાઈ, તા. 9: પીઢ અભિનેતા કમલ હાસને તેમની લાંબી કરીઅરમાં ઘણી ભમિકાઓ ભજવી છે. તેમણે બાળ કલાકાર તરીકે પોતાની અભિનય કારકિર્દી શરૂ કરી હતી. ત્યાર બાદ એક ફિલ્મ-નિર્માતા અને રાજકીય વ્યક્તિ તરીકે ઊભરી આવ્યા હતા. તાજેતરમાં કમલ હાસન ફરી એકવાર એક શક્તિશાળી બોક્સ-ઓફિસ સ્ટાર બન્યા છે. તેઓ ભારતના સૌથી વધુ કમાણી કરનારા અભિનેતા બન્યા છે. ફિલ્મ-નિર્માતા અને અભિનેતા યુગી સેતુએ જણાવ્યું હતું કે, કમલ હાસનને 'કલ્કી 2898 એડી'માં તેમની ભૂમિકા માટે રૂ. 150 કરોડની ભારે ફી મળી હતી. સેતુએ કહ્યું હતું કે, ''કમલ સર ખૂબ જ ઊંચા દરજ્જાના કલાકાર છે. તેમને 'કલ્કી 2898 એડી' માટે 20 દિવસના શૂટિંગ માટે રૂ. 150 કરોડ મળી રહ્યા છે.''

અલ્લુ અર્જુને લગ્નની વર્ષગાંઠ પર પત્નીને આલીશાન મર્સિડીઝ ભેંટ આપી

મુંબઈ, તા. 9: પુષ્પા સ્ટાર અલ્લુ અર્જુને તેનાં પત્ની સ્નેહા રેડ્ડીને લગ્નની 15મી વર્ષગાંઠ પર એક આલીશાન કાળી મર્સિડીઝ કાર ગિફ્ટ કરીને જોરદાર સરપ્રાઈઝ આપી છે! સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં અલ્લુ અર્જુન તેની પત્નીને કારની ચાવી સોંપતો જોવા મળે છે, જ્યારે આખું પરિવાર આ ક્ષણને ઉત્સાહથી વધાવી રહ્યું છે. આ ખાસ મોમેન્ટ પર સ્નેહાએ પ્રેમથી અલ્લુને ગાલ પર કિસ કરીને પોતાની ખુશી વ્યક્ત કરી હતી. અલ્લુએ સ્નેહા માટે રોમેન્ટિક નોટ લખતા કહ્યું કે, 'તારા વિના આ 15 વર્ષની સફર શક્ય ન હતી.' ફેન્સમાં આ 'ક્યુટ' કપલનો વીડિયો અત્યારે ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

ઈરાન અખાતી દેશોનો જળપુરવઠો ખોરવી નાખે તેવો ભય

બહેરીનના ડિસેલિનેશન પ્લાન્ટ પર હુમલો આવી જ ચાલ હોવાની શંકા

જો આવા વધુ પ્લાન્ટો પર હુમલા થાય તો કેટલાક શહેરો ખાલી કરાવવા પડે

મનામા(બહેરીન), તા. ૯: ગલ્ફમાં હિંસા વધુ ઘેરી બની રહી છે ત્યારે યુદ્ધ લડી રહેલી સૈન્ય શક્તિઓ દ્વારા નાગરિક આંતરમાળખાકીય સુવિધાઓને સતત નિશાન બનાવવામાં આવી રહી છે. આમાં ડિસેલિનેશન પ્લાન્ટ્સ (દરિયાના પાણીને મીઠું કરવાના પ્લાન્ટ્સ) નો પણ સમાવેશ થાય છે, જે આ શુષ્ક પ્રદેશમાં માનવ જીવન માટે અનિવાર્ય બની ગયા છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે જો ડિસેલિનેશન પ્લાન્ટ્સ યુદ્ધખોર રાષ્ટ્રોના નિશાન પર રહેશે, તો આખેઆખા શહેરો ખાલી કરાવવાની નોબત આવી શકે છે.

રવિવારે બહેરીને જણાવ્યું હતું કે એક ઈરાની ડ્રોને આ ટાપુ રાષ્ટ્રના તેના એક પ્લાન્ટને 'ભૌતિક નુકસાન' પહોંચાડ્યું છે, અને ઈરાન પર નાગરિક લક્ષ્યો પર 'અંધાધૂંધ' હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો. આના એક દિવસ પહેલા, ઈરાને અમેરિકા પર કેશમ ટાપુ પરના એક ડિસેલિનેશન પ્લાન્ટ પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે ૩૦ ગામોના પાણી પુરવઠાને અસર થઈ હતી. જો કે, અમેરિકાએ આ હુમલામાં તેના દળો જવાબદાર હોવાનો ઈન્કાર કર્યો છે. કતારમાં નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટીના પ્રોફેસર ડો. માર્ક ઓવેન જોન્સે આજે સવારે રેડિયો 4 ના 'ટુડે' કાર્યક્રમમાં જણાવ્યું હતું કે: 'આ પ્લાન્ટ્સ અત્યંત નિર્ણાયક છે. તેમની ગેરહાજરી મોટી આફત સાબિત થશે. જો રિયાધમાં ચોક્કસ ડિસેલિનેશન પ્લાન્ટ્સ પર હુમલો થાય, તો લગભગ એક અઠવાડિયા પછી શહેર ખાલી કરવું પડશે.

સુપ્રીમમાં કાંદા-લસણને તામસિક માનવા અંગેની અરજી

ચીફ જસ્ટિસે ઠપકો આપતા પૂછ્યું: શું તમે અડધી રાત્રે આવી અરજીઓ ડ્રાફ્ટ કરો છો?

નવી દિલ્હી, તા. 9: સુપ્રીમ કોર્ટમાં એક વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી પાંચ વિચિત્ર જાહેર હિતની અરજીઓ (પીઆઈએલ) ને ચીફ જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચે સખત શબ્દોમાં ફગાવી દીધી છે. આ અરજીઓમાંની એકમાં ડુંગળી અને લસણમાં 'તામસિક' અથવા નકારાત્મક ઉર્જા હોય છે કે નહીં, તે અંગે સંશોધન કરવાની માંગ કરવામાં આવી હતી. અરજદાર વકીલ સચિન ગુપ્તાએ એવો દાવો પણ કર્યો હતો કે ગુજરાતમાં ભોજનમાં ડુંગળીના ઉપયોગને કારણે છૂટાછેડાની ઘટના બની હતી. ચીફ જસ્ટિસે વકીલને ફટકાર લગાવતા પૂછ્યું કે, 'શું તમે અડધી રાત્રે આવી અરજીઓ ડ્રાફ્ટ કરો છો?' કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ અરજીઓ અસ્પષ્ટ અને પાયાવિહોણી છે જે સુપ્રીમ કોર્ટ પર વધારાનો બોજ નાખે છે. બેન્ચે વકીલને ચેતવણી આપી હતી કે જો તેઓ વકીલ ન હોત, તો તેમના પર ભારે દંડ ફટકારવામાં આવ્યો હોત. ચીફ જસ્ટિસે વધુમાં કહ્યું કે આવી અરજીઓ દ્વારા જૈન સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે, જેઓ પરંપરાગત રીતે લસણ, ડુંગળી અને જમીનકંદનો ત્યાગ કરે છે.

એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વાહન લઈ જવું હવે બનશે આસાન

હવે વાહન ટ્રાન્સફર માટે NOCની જરૂર નહીં રહે

નવી દિલ્હી, તા. 9: કેન્દ્ર સરકાર મૂળ રાજ્યની પ્રાદેશિક પરિવહન કચેરી (આરટીઓ) માંથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) મેળવવાની જરૂરિયાતને નાબૂદ કરીને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વાહનોના ટ્રાન્સફરની પ્રક્રિયાને સરળ બનાવવાની દરખાસ્ત પર વિચાર કરી રહી છે. નીતિ આયોગ દ્વારા સ્થાપિત બિન-નાણાકીય નિયમનકારી સુધારાઓ પરની ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણોને આધારે આ પગલું તપાસવામાં આવી રહ્યું છે. જો મંજૂર કરવામાં આવે તો આ સુધારો રાજ્યો વચ્ચેના વાહન ટ્રાન્સફરને રાષ્ટ્રીય વાહન રજિસ્ટ્રીમાં ઉપલબ્ધ ડેટાના આધારે ઓટોમેટેડ ક્લિયરન્સ સિસ્ટમ દ્વારા પ્રક્રિયા કરવાની મંજૂરી આપી શકે છે. વર્તમાનમાં જે માલિકો તેમના વાહનોને બીજા રાજ્યમાં શિફ્ટ કરવા માંગે છે તેમણે પહેલા જે આરટીઓમાં વાહન નોંધાયેલું હોય ત્યાંથી એનઓસી મેળવવું પડે છે. આ પ્રમાણપત્ર પુષ્ટિ કરે છે કે વાહનને બીજા રાજ્યમાં નોંધણી કરાવતા પહેલા તેના પર કોઈ બાકી રોડ ટેક્સ, ચલણ અથવા અન્ય જવાબદારીઓ નથી. પુનઃ નોંધણી દરમિયાન સામાન્ય રીતે એનઓસીની સાથે આરસી, ફિટનેસ પ્રમાણપત્ર અને ટેક્સ ભર્યાના પુરાવા જેવા દસ્તાવેજો સબમિટ કરવાના હોય છે.

જાહેર નોટીશ

જત હમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશ થયેથી જણાવવાનું કે,
જી. સુરત, તા. અરેઠ, મોજે: **મઘરકુઈ** ગામની નીચે જણાવેલ ખેતીની જમીન

ગામનું નામ	ખાતા નંબર	બ્લોક/સર્વે નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	આકાર રૂા. પૈસા
મધુરકુઈ, તા. અરેઠ, જી. સુરત	૨૦૭	૩૬૦	૧-૮૨-૧૧	૨.૨૫

ઉપરોક્ત જણાવેલ જૂની શરતની ખેતીની જમીન સલીમ કરમાલીભાઈ ઠક્કર, રહે. ૬૪, કરીમાબાદ સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત, તા. જી. સુરતનાઓની સ્વતંત્ર માલિકી, કબ્જા-ભોગવટાની ચાલી આવેલ છે, અને હમારા અસીલે સદરહું જમીન તેમની પાસેથી વેચાણ રાખવાનું નક્કી કરેલ છે, અને તેઓએ સદરહું જમીન ટાઈટલ કલીયરન્સ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી, હમારા અસીલ મજકુરને સદર જમીન વેચાણ આપવાનું નક્કી કરેલ છે, જેથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે ઉપરોક્ત મિલકત અન્યયે કોઈપણ જાતના કરાર, બાનાખત, સાટાખત વિગેરે તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, લિયન, બોજો, લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો કે કબજા કે કોઈપણ દર-દાવો વિગેરે ચાલી આવેલ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૧૦ માં હમોન નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં નહીં આવે તો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહીં હોવાનું અને હોય તો તે છોડી દીધો હોવાનું ગણાશે અને હમારા અસીલ ઉપર જણાવેલ મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી પૂર્ણ કરાવી લેશે જેની લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

તા. ૦૯-૦૩-૨૦૨૬ મારી મારફતે, **શૈલેષ બી. સાવલીયા** (તે ખરીદનારના એડવોકેટ)
૧૩, વિરભદ્ર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, નવસારી (પૂર્વ), તા. જી. નવસારી. મો.: 9377600081

જાહેર નોટીશ

જત હમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશ થયેથી જણાવવાનું કે,
જી. સુરત, તા. અરેઠ, મોજે: **પાતલ** ગામની નીચે જણાવેલ ખેતીની જમીન

ગામનું નામ	ખાતા નંબર	બ્લોક/સર્વે નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	આકાર રૂા. પૈસા
પાતલ, તા. અરેઠ, જી. સુરત	૨૮૨	૩૦	૩-૬૯-૦૦	૧૦.૩૦

ઉપરોક્ત જણાવેલ ઔદ્યોગિક હેતુ માટેની બિનખેતીની જમીન મોનીશ મીરઝાઅલી મીઠાણી રહે. ૬૪, કરીમાબાદ સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત, તા. જી. સુરતનાઓની સ્વતંત્ર માલિકી, કબ્જા-ભોગવટાની ચાલી આવેલ છે અને હમારા અસીલે સદરહું જમીન તેમની પાસેથી વેચાણ રાખવાનું નક્કી કરેલ છે અને તેઓએ સદરહું જમીન ટાઈટલ કલીયરન્સ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી હમારા અસીલ મજકુરને સદર જમીન વેચાણ આપવાનું નક્કી કરેલ છે, જેથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે ઉપરોક્ત મિલકત અન્યયે કોઈપણ જાતના કરાર, બાનાખત, સાટાખત વિગેરે તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, લિયન, બોજો, લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો કે કબજો કે કોઈ દર-દાવો વિગેરે ચાલી આવેલ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૧૦ માં હમોને નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં નહીં આવે તો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહીં હોવાનું અને હોય તો તે છોડી દીધો હોવાનું ગણાશે અને હમારા અસીલ ઉપર જણાવેલ મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી પૂર્ણ કરાવી લેશે જેની લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

તા. ૦૯-૦૩-૨૦૨૬ મારી મારફતે, **શૈલેષ બી. સાવલીયા** (તે ખરીદનારના એડવોકેટ)
૧૩, વિરભદ્ર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, નવસારી (પૂર્વ), તા. જી. નવસારી. મો.: 9377600081

સુરત જીલ્લાના માંગરોલ તાલુકાના મોજે ગામ આસરમાના જુના સર્વે નં.- ૪૮/૩, જુનો બ્લોક નં.- ૫૭, રીસર્વે મુજબ હાલના બ્લોક નંબર- ૬૩ વાળી કચારીની જુનીશરતની ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત જીલ્લાના માંગરોલ તાલુકાના મોજે ગામ આસરમા માં આવેલ જુનીશરતની ખેતીની જમીન કે જેનો જુનો સર્વે નંબર- ૪૮/૩ હતો અને જેનો બ્લોક નંબર- ૫૭ બનેલ અને જેનો રીસર્વે મુજબ હાલનો નવો બ્લોક નંબર- ૬૩ બનેલ છે અને જેનો કુલ વિસ્તાર યાને ક્ષેત્રફળ ૦૦- હેકટર, ૧૯-આરે, ૪૦-ચોરસમીટર થાય છે અને જેનો આકાર રૂપિયા ૦૨-૧૨ પૈસા છે અને જે ખાતા નંબર- ૧૧૩ થી નોંધાયેલ છે તે ખેડ હકકની ખેડ ખાતાની ખેતીની કચારીની જમીન ના સંયુકત માલિક, મુખત્યાર અને કબજેદાર માલિકી હકકથી (૧) સુશીલાબેન છગનભાઈ પટેલ તેમજ (૨) મુકેશભાઈ છગનભાઈ પટેલ તેમજ (૩) મીનાબેન છીતુભાઈ પટેલ તેમજ (૪) મુકેશભાઈ છીતુભાઈ પટેલ તમામ રહેવાસી: આરસમા, તા.માંગરોલ, જી.સુરતના તેમજ (૫) વર્ષાબેન તે છીતુભાઈ પટેલની દિકરી અને દિલીપભાઈ પટેલની ઘણીચાણી રહેવાસી: વાલબેર, તા.હાંસોટ, જી.ભરૂચના હોવાનું જણાવીને હમારા અસીલ મહેન્દ્રભાઈ જગુભાઈ પટેલ રહેવાસી: લીમડા ફળીયુ, મુળદ, તા.ઓલપાડ, જી.સુરતના ને વેચાણ આપવાનું નકકી કરી કિંમતી વ્યાનાની રકમ સ્વીકારેલ છે જેથી સદરહુ જમીનમાં જો કોઇ શખ્સ,ઇસમ કે કોઇપણ વ્યકિતનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક-હિસ્સો, દરદાવો કે હરકોઇ પ્રકારના વારસાઇ, ખોરાકી-પોષાકી, આવવા-જવાના, પાણી નિકાલના કે ગણોત હકક કે અધિકાર હોય કે કોઇપણ બેંક કે બેંકીગ જેવી સંસ્થાની કે ખાનગી પેઢીની લોન, બોજો અગર ગીરો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખિતમાં પુરાવા સહીત જાણ કરવી તેમ કરવામાં કસુર કર્યેથી મુદત વિત્યા બાદ કોઇનો કોઇપણ પ્રકારનો હકક-હિસ્સા,દર-દાવો કે અધિકાર સદરહુ જમીનમાં નથી અને હોય તો તે જતા કરેલા છે તેવુ શુધ્ધબુધ્ધિ પુર્વકમાની હમારા અસીલ સદરહુ જમીનનો પુરે પુરો કિંમતી વેચાણ અવેજ ચુકવી સમય મર્યાદામાં પાકો રજીસ્ટ્રર્ડ વેચાણ દસ્તાવેજ સદરહુ જમીન માલિકો પાસેથી કરાવી લેશે ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી તેની તમામે નોંધ લેવી. તા. ૧૦/૦૩/૨૦૨૬

દિલીપસિંહ એમ. મહીડા
તે ખરીદનારના એડવોકેટ અને નોટરી
ઓફિસ : ૧-૨, અપર-ગ્રાઉન્ડ ફ્લોર, મહાવીર એન્કલેવ, કીમ-કઠોદરા રોડ, કીમ(પશ્ચિમ), તા. ઓલપાડ, જી.સુરત.મો. ૯૮૭૯૦ ૮૬૬૮૮

વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા આથી જણાવવાનું કે **જી. સુરત, તા. મજુરાના મોજે: ગવીયરના રે. સ./બ્લોક નં. ૩૩૪ થી નોંધાયેલી બિનખેતીની જમીન, જેનો સીટી સર્વે વોર્ડ: ગવીયર (બીનખેતી)માં સમાવેશ કરી સીટી સર્વે નં. એનએ ૩૩૪ ફાળવવામાં આવેલ છે, જેનું સીટી સર્વે મુજબનું ક્ષેત્રફળ ૨૧૨૫ ચો.મી. છે, જેને ટી. પી. સ્કીમ નં. ૩૨ (ગવિયર-વાંટા-ડુમસ) લાગુ પડતાં ફા. પ્લોટ નં. ૮૪ ફાળવવામાં આવેલ છે, જેનું ફા. પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૩૮૧ ચો.મી. છે તે જમીન પૈકી ચંદ્રીકાબેન હસમુખલાલ કોઠારી તથા કેયુર હસમુખલાલ કોઠારીની સંયુક્ત માલિકીની સીટી સર્વે મુજબ ૧૦૬૨.૫૦ ચો.મી. તથા ફા. પ્લોટ મુજબ ૬૯૦.૫ ચો.મી. બિનખેતીની જમીન તેઓ પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે.** ઉપર જણાવેલી જમીનમાં તેઓ સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિત, લાગભાગ, હિસ્સો, કબજો, ગીરો, લિયન, વગેરે હોય યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન ૭ (સાત) માં લેખિત